મનપાની ચૂંટણી હવે ચોમાસા બાદ યોજાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણી ચોમાસા બાદ દિપાવલી પર્વે યોજાશે તેવા સ્પષ્ટ સંકેત આજે રાજ્ય ચૂંટણી પંચે આપ્યા છે.

રાજ્ય ચૂંટણીપંચે કોરોનાની મહામારી પછી ઋતુજન્ય રોગચાળાની સ્થિતિને ધ્યાને રાખી આજે સમીક્ષા બેઠક બાદ આ નિર્ણય જાહેર કર્યો છે. ઓખા, થરા તેમજ ભાણવડ નગરપાલિકાની ચૂંટણીઓ પણ ચોમાસા પછી યોજાશે.

ગાંધીનગર મનપાની ચૂંટણી એપ્રિલમાં યોજાવાની હતી પરંતુ કોરોના મહામારીને પગલે તે મુલ્તવી રાખવાના આદેશો પંચે જાહેર કર્યા હતા. કોરોનાની મહામારીમાં ત્રણ ઉમેદવારોના મોત પણ થયા છે. પંચે ભારે વરસાદ તેમજ ઋતુજન્ય રોગચાળાની સ્થિતિની સમીક્ષા કર્યા બાદ ચોમાસા પછી આ ચૂંટણીઓ યોજવા અંગેના જરૂરી આદેશો જારી કરવામાં આવશે તેમ તેની યાદીમાં જણાવ્યુ છે.

જોકે, તમામ રાજકીય પક્ષો છેલ્લા ૧૫ દિવસથી બિનસત્તાવાર રીતે તૈયારીઓ કરી રહ્યા છે.

જિલ્લામાં ૯૧૬૦ને વેક્સિનેશન

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં આજે ૯૧૬૦ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૫૫૯૧ લોકોને આજે વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા. આગામી ૭મી પહેલાં જિલ્લાના ૧૦૦ ગામોમાં વેક્સિનેશનનો પ્રથમ ડોઝની ૧૦૦ ટકા કામગીરી કરવાનો લક્ષ્યાંક તંત્રએ રાખ્યો છે. જિલ્લામાં આજ સુધીમાં ૫,૦૭,૭૯૫ લોકોને પ્રથમ ડોઝ અને ૧,૩૮,૮૨૧ લોકોને બન્ને ડોઝ વેક્સિનેશનના આપવામાં આવ્યા છે. ગાંધીનગર શહેરમાં આજે ૩૫૬૯ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા. આજના વેક્સિનેશન અભિયાનમાં ૧૮+ના યુવાઓએ ભારે ઉત્સાહ દાખવ્યો હતો.

જિલ્લામાં ૧૧ થી ૨૦ ઓગષ્ટ દરમ્યાન સીરો સર્વેની કામગીરી હાથ ધરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેર અને જિલ્લામાં આગામી ૧૦ ઓગષ્ટ પછી સીરો સર્વેની કામગીરી હાથ ધરવામાં આવશે. તંત્ર દ્વારા આ સર્વે માટેની તૈયારીઓ આરંભી દેવામાં આવી છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં ૫૦-૫૦ કલસ્ટર બનાવી આ સર્વેની કામગીરી હાથ ધરવામાં આવશે. આ સર્વેના પરીક્ષણ રિપોર્ટ પરથી જાણી શકાશે કે કેટલી એન્ટી બોડી ડેવલપ થઈ છે તેમજ હર્ડ ઈમ્યુનીટી ડેવલપ થઈ છે કે કેમ?

આઈસીએમઆરના માર્ગદર્શન હેઠળ આ સર્વે માટે ડિસ્ટ્રીક્ટ ટ્રેઈનરોને તાલિમ આપી દેવામાં આવી છે અને ૮, ૯, ૧૦ એમ ત્રણ દિવસ દરમ્યાન જિલ્લાના લેબ.ટેક, આશાવર્કર અને મલ્ટીપરપઝ વર્કસને તાલિમ આપવામાં આવશે.

૧૧ ઓગષ્ટથી ૨૦ઓગષ્ટ સુધી આ માટે સેમ્પલો લેવામાં આવશે એટલુ જ નહિ સેમ્પલ આવ્યા પછી ૨૦ થી વધુ પ્રશ્નોનું એક ફોર્મ જે તૈયાર કરવામાં આવ્યુ છે તે સેમ્પલ લેનાર ટીમે ભરીને આપવાનું છે.

સીરો સર્વે શહેર-જિલ્લામાં ૫૦-૫૦ કલસ્ટર બનાવી કરવામાં આવશે : દરેક કલસ્ટરમાંથી ૩૬ સેમ્પલ એકત્ર કરાશે

મળતી વિગતો પ્રમાણે દરેક કલસ્ટરમાંથી ૩૬ સેમ્પલ લેવામાં આવશે. અર્થાત્ શહેર અને જિલ્લામાંથી ૩૬૦૦ જેટલા સેમ્પલ લઈ આ અંગેનો સર્વે રિપોર્ટ તૈયાર કરવામાં આવશે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે દરેક કલસ્ટરમાંથી ૫ થી ૯ વર્ષની આયુ ધરાવતા બાળકોના ૪ સેમ્પલ, ૧૦ થી ૧૮ વર્ષની આયુ ધરાવતા લોકોના ૮ સેમ્પલ તેમજ ૧૮+ની આયુ ધરાવતા ૧૨ પુરૂષ અને ૧૨ મહિલાના સેમ્પલ લેવામાં આવશે. આ સેમ્પલમાં માત્ર બ્લડ જ કલેક્શન કરવામાં આવશે.

આ સેમ્પલોને ખાસ નંબર પણ આપવામાં આવશે. આ સેમ્પલોને પછી ચકાસણી માટે રાજ્યકક્ષાએ મોકલવામાં આવશે અને આખો ચકાસણીને અંતે તે અંગેનો અહેવાલ તૈયાર થશે.

જિલ્લામાં હાલ ૭મીએ વિકાસ દિવસની ઉજવણી કરવાની હોવાથી ૮ થી ૧૦ દરમ્યાન તાલિમનું આયોજન કરવામાં આવ્યુ છે. મનપા અને પંચાયત દ્વારા તેના કર્મયોગીઓને ૧ દિવસની ખાસ તાલિમ આપવામાં આવશે.

આ સીરો સર્વે કોરોના પછી હાથ ધરવામાં આવી રહ્યો છે. જિલ્લામાં કોરોનાના શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં ૨૦ હજારથી વધુ કેસ નોંધાતા આ સર્વે હાથ ધરવાનો નિર્ણય આઈસીએમઆર દ્વારા કરવામાં આવ્યો છે. તંત્રએ

● અનુસંધાન પાન-૫ પર

ગાંધીનગરમાં વરસાદી વાતાવરણ છવાયુ છે. આકાશમાં કાળા ડિબાંગ વાદળોની અવરજવર ચાલી રહી છે. ક્યારેક કાળા વાદળો આકાશમાં ઘેરાઈ આવે છે, તો ક્યારેક ઝરમર વરસાદની રમઝટ ચાલે છે. મન મુકીને વરસાદ હજુ વરસતો નથી. પરંતુ ઝરમર વરસાદ અને વાદળોની અવરજવરના કારણે શહેરનું વાતાવરણ એકદમ ખીલી ઉઠ્યુ છે. પ્રકૃતિ તેની સુંદરતમ રચનાનો આપણને સાક્ષાત્કાર કરાવી રહી છે. ગાંધીનગરમાં જેઓ વર્ષોથી રહે છે તેમના માટે તો શહેર જાણે સ્વર્ણસમુ બની ગયુ છે. જ્યારે અહીંની મુલાકાત લેનારા પ્રવાસીઓને પણ શહેર સંમોહિત કરી મુકે છે. ચારેબાજુ ખીલી ઉઠેલી હરીયાળી અને સુંદર પુષ્પો શહેરને સુંદરતમ શહેરોની યાદીમાં આગળ પડતુ સ્થાન અપાવે છે. નસીબદાર હોય તેને જ આવા દેશ્યો જોવા મળે..!

આજે "સર્વને અન્ન, સર્વને પોષણ" અંતર્ગત યોજનારા

અન્ન વિતરણ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વર્ચ્યુઅલ ઉપસ્થિત રહેશે

કોરોનાનાં કપરાકાળ લોકડાઉનમાં રાજ્યનાં ૮૦ ટકા નાગરિકોને વિના મૂલ્યે અનાજ આપવાનો નિર્ણય લઇ રાજ્ય સરકાર અંત્યોદય પરિવારોની પડખે અડિખમ ઉભી રહી

ગાંધીનગર, તા. ૨

"સર્વજન હિતાય, સર્વજન સુખાય" સૂત્રને ચરિતાર્થ કરી નિર્ણાયક અને સંવેદનશીલ રાજ્ય સરકાર તમામ નાગરિકોને પુરતું અને સમયસર અન્ન મળી રહે તે માટે કટિબધ્ધ છે. નાગરિકોને અન્ન સલામતી અને પોષણ સલામતી પુરી પાડવા મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલના નેતૃત્વવાળી આ સરકાર હરહંમેશ પ્રયત્નશીલ છે. આ સરકારના પાંચ વર્ષ પુર્ણ થતા તા. ૩ જી ઓગષ્ટના રોજ "સર્વને અન્ન, સર્વને પોષણ" અન્વયે યોજાનારા અન્ન વિતરણ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી વર્ચ્યુઅલ ઉપસ્થિત રહેશે.

પ્રધાનમંત્રી રાજ્યની ૧૭ હજારથી વધુ સરકાર માન્ય સસ્તા અનાજની વાજબી ભાવની દુકાનો પરથી સવા ચાર લાખ જેટલા ગરીબ, અંત્યોદય લાભાર્થીઓને લાભાર્થી દિઠ ૫ કિલો અનાજની કિટનું વિતરણ કરશે. તે ઉપરાંત દાહોદ ખાતેના રાજ્યકક્ષાના કાર્યક્રમમાં મુખ્યમંત્રી અને અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી જયેશભાઈ રાદડિયા પણ જોડાશે. જ્યારે પ્રધાનમંત્રી પાંચ જિલ્લાઓના પાંચ વાજબી ભાવોની દુકાનો પર લાભાર્થીઓ સાથે સીધો સંવાદ કરશે. આ ઉપરાંત દ્વ્રજીછ અંતર્ગત અંદાજિત ૭૨ લાખ પરિવારોને (૩.૫ કરોડની વસ્તી) વ્યક્તિદીઠ પાંચ કિલો અનાજ અને બેગ આપવાનો શુભારંભ કરાશે. સમગ્ર કાર્યક્રમમાં અંદાજિત ૮ લાખ ૫૦ હજાર લોકો સહભાગી થશે.

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ નોંધાયેલા લાભાર્થીઓને તેમની પાત્રતા મુજબ અન્ન સલામતિ માટે રાહત દરે ઘઉં અને ચોખાનું દર માસે વિતરણ કરવામાં આવે છે. માર્ચ-૨૦૨૧ની સ્થિતિએ અંત્યોદય તથા અગ્રતા ધરાવતા કુટુંબો મળી કુલ- ૭૧.૪૪ લાખ કુટુંબોની ૩૪૬.૯૦ લાખ નાગરિકોને દ્વ્રજીછ હેઠળ આવરી લેવાયા છે. રાજ્ય સરકાર દ્વારા તમામ દિવ્યાંગ લાભાર્થીઓને અને રાજ્યના મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ નોંધાયેલ ગંગાસ્વરૂપ (વિધવા) બહેનોને, શ્રમ અને રોજગાર વિભાગ હેઠળનાં બાંધકામ શ્રમિક કલ્યાણ બોર્ડ હેઠળ નોંધાયેલ બાંધકામ શ્રમિકોને દ્વ્રજીછ હેઠળ સમાવવાનો નિર્ણય પણ કર્યો છે. એટલુજ નહિ, આ યોજના માટે વૃધ્ધ વ્યક્તિની પાત્રતાની ઉંમર ૬૫ વર્ષથી ઘટાડીને ૬૦ વર્ષ કરવામાં આવી છે.

વિજયભાઈએ જન્મદિને વજુભાઈના આશીર્વાદ મેળવ્યા

મહાદેવના દર્શન કરી મુખ્યમંત્રી વિજય રૂપાણી તેમજ અંજલીબહેન રૂપાણીએ ભગવાનના આર્શીવાદ લીધા

રાજકોટ,તા.૨

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે તા. ૨ ઓગસ્ટ તેમના ૬૫મા જન્મદિવસની શરૂઆત ભાજપના દિગ્ગજ નેતા, કર્ણાટકના પૂર્વ રાજ્યપાલ અને ગુજરાતમાં નાણા મંત્રી તરીકે સૌથી વધુ વખત બજેટ રજૂ કરનાર પૂર્વ નાણા મંત્રી અને રાજકોટના પૂર્વ મેયર એવા વડીલ વજુભાઈ વાળાના વહેલી સવારે રાજકોટ ખાતે આશીર્વાદ મેળવી કરી હતી. મોદીએ પણ ટ્વીટ કરીને ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી છે. મુખ્યમંત્રી વિજય રૂપાણી આજે તેમનો ૬૫મો જન્મદિવસ વતન રાજકોટ ખાતે વિવિધ સેવા કાર્યો કરીને 'સંવેદના દિવસ' તરીકે ઉજવશે.

વજુભાઈ વાળાએ આ પ્રસંગે ૬૫મા જન્મ દિવસ અને ગુજરાતના મુખ્યમંત્રી તરીકે સફળતા પૂર્વક પાંચ વર્ષ પૂર્ણ કરવા બદલ વિજય રૂપાણી તેમજ સમગ્ર રાજ્ય સરકારને અભિનંદન અને શુભેચ્છાઓ આપી હતી. મુખ્યમંત્રી રૂપાણીએ આજે વહેલી સવારે તેમના માર્ગદર્શક અને પૂર્વ રાજ્યપાલ વજુભાઈ વાળાની તેમના ઘરે રાજકોટ ખાતે શુભેચ્છા મુલાકાત કરી ખબર અંતર પૂછ્યા હતા.

નગરની સ્વચ્છતા જાળવવા માટે નાગરિકોનો સહયોગ જરૂરી : ધવલ પટેલ

શહેર વસાહત મહામંડળ દ્વારા જી ઇ બી ગેસ્ટ હાઉસ ખાતે જન્મદિવસની સાદગીપુર્વક ઉજવણી કરાઇ : કોરોનાના મૃતકોને બે મિનિટનુ મૌન પાળી શ્રધ્ધાંજલિ

ગાંધીનગર તા ૨

ગાંધીનગરમાં પર્યાવરણનુ યોગ્ય જતન થાય તેમજ સ્વચ્છતા જળવાય અને નાગરિકો માટે માળખાગત સુવિધાઓ વધુ સુદ્રઢ થાય જેમાં નાગરિકોનો પુરતો સહયોગ મળે તેવી અપેક્ષા વ્યકત કરતા મ્યુનિકમિશ્નરે નગરના સ્થાપના દિવસની ઉજવણી પ્રસંગે દિપ પ્રાગટ્ય કરીને શહેરના જન્મદિવસની શુભેચ્છાઓ

પાઠવી હતી. જી ઇ બી ગેસ્ટ હાઉસ ખાતે જયાં નગરની પ્રથમ ઈંટ મુકાઈ હતી તે સ્થળે શહેર વસાહત મહામંડળ દ્વારા આ વર્ષે સાદગીપુર્વક નગરના જન્મદિવસની ઉજવણી કરવામાં આવી હતી આ તબક્કે કોરોના મૃતકોને શ્રધ્ધાંજલિ અર્પવા બે મિનિટનુ મૌન પણ પાળવામાં આવ્યુ હતુ.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા જયાં નગર નિર્માણની પ્રથમ ઈંટ મુકવામાં આવી હતી તે જીઈબી ગેસ્ટ હાઉસ ખાતે નગરના જન્મદિવસની સાદગીપુર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મ્યુનિસિપલ કમિશ્નર ધવલ પટેલના હસ્તે દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે ઉપસ્થિત મ્યુનિસિપલ કમિશ્નર ધવલ પટેલે જણાંવ્યુ હતુ કે ગાંધીનગર વિશ્વમાં ગ્રીનસીટી તરીકેની ઓળખ ધરાવે છે. ત્યારે પર્યાવરણના જતન માટે આપણે સૌ વધુ જાગૃત થઇએ તેવી અપેક્ષા છે. ગ્રીનસીટી અને કિલન સીટીના કન્સેપ્ટને વેગ આપવા માટે પણ તેમણે જણાવ્યુ હતુ. શહેરમાં વિકાસની સાથે માળખાગત સુવિધાના કામોને પણ વધુ વેગ મળે તે દિશામાં આયોજન કરવા માટે પણ સહયોગ આપવા જણાંવ્યુ હતુ. શહેરના સ્થાપના દિવસની દરેક નાગરિકોને શુભેચ્છા પાઠવી હતી. આ તબક્કે શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચે જણાંવ્યુ હતુ કે પ્રતિવર્ષ શહેર વસાહત મહામંડળ દ્વારા આ સ્થળે નગરના જન્મદિવસની ધામધુમપુર્વક ઉજવણી કરવામાં આવે છે. પરંતુ આ વર્ષે કોવિડના લીધે સાદગીસભર ઉજવણીનુ આયોજન કરાયુ છે. આ તબક્કે કોરોનામાં જીવ ગુમાવનાર સ્વજનોને બે મિનીટનુ મૌન પાળીને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. શહેર વસાહત મહામંડળ દ્વારા સતત પાંચ દાયકાથી શહેરના વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે સતત રજુઆતો કરી આમ નાગરિકોની મુંઝવણો દુર કરવાનો પ્રયાસ કર્યો છે. ત્યારે આ તબક્કે મહામંડળના પ્રમુખ અરૂણ બુચનુ સન્માન પણ કરવામાં આવ્યુ હતુ. થર્મલ પાવર સ્ટેશનના મુખ્ય ઇજનેર હેમંત બથવાર , સુપ્રિટેન્ડેન્ટ એન્જિનિયર ડી ડી પરમાર, જી એમ થોમસ ડેનિસ તેમજ જી ઇ બી સ્ટાફના સભ્યો મહામંડળના પ્રતિનિધિ સુધીર દેસાઇ, કીશોર જીકાદરા, પ્રદીપ સોલંકી, ભાનુભાઇ દવે જયોતિ મહીલા મંડળના પ્રમુખ ડો ચેતના બુચ, સામાજિક કાર્યકર સવિતાબેન પટેલ ઉપરાંત વિવિધ સંસ્થાના પદાધિકારીઓ તેમજ અગ્રણીઓએ હાજરી આપી હતી.

૩ અનાથ અને એક વાલી ધરાવતા ૧૩ બાળકોને મુખ્યમંત્રી સહાય યોજનાના મંજૂરીપત્રો અપાયા

શહેરમાં બે સ્થાનો પર યોજાયેલ સેવાસેતુમાં ૩ હજારથી વધુ લાભાર્થીઓ ઉમટ્યા : રાજકીય આગેવાનોના હસ્તે લાભાર્થીઓને લાભ વિતરણ કરાતા નગરજનોમાં નિરાશા વ્યાપી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા આજે યોજાયેલ સેવાસેતુ કાર્યક્રમ દરમ્યાન કોવિડ મહામારીમાં માતા-પિતાની છત્ર છાયા ગુમાવનાર ૩ બાળકો તેમજ એક વાલી યોજના હેઠળ પાત્રતા ધરાવતા ૧૩ બાળકોને મુખ્યમંત્રી સહાયના મંજૂરીપત્રો રાજ્યના મહેસુલ મંત્રી અને જિલ્લાના પ્રભારી મંત્રી કૌશિકભાઈ પટેલના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા.

આ ૧૬ બાળકોએ મંત્રી સાથે સરકીટહાઉસ ખાતે ખાસ ભોજન પણ લીધુ હતુ.

મનપા દ્વારા આજે બે સેવાસેતુ કાર્યક્રમોનું આયોજન કરાયુ હતુ. સે. ૧૬ ખાતે એક અને રાયસણ ગુડાના હોલમાં એમ બે સ્થાનો પર યોજાયેલ સેવાસેતુમાં ૩ હજારથી વધુ લાભાર્થીઓએ લાભ લીધો હતો.

આ સેવાસેતુના કાર્યક્રમમાં લાભાર્થીઓના લાભનું વિતરણ સામાન્ય ચૂંટણીમાં ભાજપના ઉમેદવારોના હસ્તે કરવામાં આવતાં તે મુદ્દો સમગ્ર નગરમાં ચર્ચાનો અને ટીકાનો મુદ્દો બની ઉઠ્યો હતો.

મનપાએ આજે યોજેલ સેવાસેતુના આ કાર્યક્રમમાં આધાર કાર્ડ માટે લોકોનો ઘસારો વધારે જોવા મળ્યો હતો. એક તબક્કે સે. ૧૬ ખાતે આધાર કાર્ડની વધુ કીટો મંગાવવાની પણ તંત્રને ફરજ પડી હતી. મોડી સાંજે મનપાની સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે ૩૭૧ થી વધુ લોકોએ આધાર કાર્ડ માટેની સેવાનો લાભ લીધો હતો.

આજે યોજાયેલ આ સેવાસેતુ કાર્યક્રમમાં બી.પી. અને ડાયાબીટીસ મપાવવાની સેવાનો લાભ ૧૯૦૦ જેટલા લોકોએ લીધો હતો. ૨૬ લોકોએ મા કાર્ડ માટેની સેવાનો લાભ અને ૭૦ જેટલા લોકોએ તેમના આધાર કાર્ડ બેંકના ખાતા સાથે લીંક કરાવ્યા હતા.

ગાંધીનગર શહેરમાં ઘણા લાંબા સમય પછી સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરાયુ હતુ. આ કેમ્પમાં બેંકીંગ સેવાઓ વિશે વધુ ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યુ હતુ જેથી ઘણી બધી સેવાઓથી લોકો વંચિત રહ્યા હતા.

શહેરને સાંકળતી બસસેવા ગ્રામ્યવિસ્તારમાં ઉપલબ્ધ ન હોવાથી ઘણા લોકો રજુઆત કરવા આવ્યા હતા પણ નિરાશ થઈને પાછા ફર્યા હતા. આ કાર્યક્રમનો રાજકીય વિરોધ થવાના ભયના ઓથાર નીચે ચાંપતો પોલીસ બંદોબસ્ત તંત્રએ લગાવ્યો હતો પરંતુ બપોર પછી લોકો આવતા ગભરાતા નજરે પડ્યા હતા.

Gandhinagar District Co. Op. Milk Producer's Union Ltd.

Tender Notice

Tender invited for Annual Maintenance Contract for weigh scale and weigh bridge at dairy plant, parlors, dashela vegetable site for Gandhinagar District Co. Op. Milk Producer's Union Ltd. The bidder should submit technical bid, tender fee and EMD in cover separately. The last date for submission of bidding is 12/08/2021 up to 04:00 PM. The rights are reserved to The I/C Managing Director to accept, reject or cancel the tender/offer.

I/C Managing Director
Gandhinagar District Co. Op. Milk Producer's Union Ltd.,
Sector 25, "K" road, G.I.D.C. Electronics Estate, Gandhinagar- 382024.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com